સાલ : ૨૧ / સિલસિલાવાર નંબર : ૧૭૮ / શુમારો : ૪ — ફુલ પાના - ૮

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — રજબુલ અસબ - શાઅબાનુલ કરીમ ૧૪૪૫ / જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૨૪

## સાથેને સાથે

"સાથી" અને "સાથીદાર" થી હર કોઇને હિમ્મત આવી જાય છે. તન્હાઇ કોઇને ગમતી નથી. તન્હા રહેવામાં તકલીફ અને બેકરારી હોય છે, મગર જો કોઇ વફાદાર-હમદર્દનો સાથ, સથવારો, સોહબત, મઈયત મિલી જાય તો તે દિનની તાઝગી, જોશ, દિલી જઝબો અને કોઇ કામ હાથમાં લેવાનો શૌક અલગ જ હોય છે. ખુદાતઆલા પણ તેના બંદાઓમાંથી તેઓ સાથે પોતાની રહેમતને જોડી દે છે કે, જેઓ સબર કરે, પરહેઝગારી રાખે, નૈકી કરવાને પોતાની આદત બનાવે, તેની તખ્લીકમાં ફિકર કરે, તેની નેઅમતોને ઝાયેઅ ના કરે, તેનો વફાદાર રહે, મખ્લૂકનો ખયાલ રાખે, ભાઈઓ સાથે બરાબર રિશ્તો રાખે વગૈરહ. આ આઅમાલના સબબ ખુદાતઆલા બંદાને પોતાના ઔલિયાનો સથવારો આપી જ દે છે.

કોઈ પણ રસૂલ આ દુનિયામાં પધારે છે તો પહેલા આપ આપના સાથીની તલાશ કરે છે. ખુદાતઆલાની નુસરતથી આપ આપના સાથી તરીકે આપની જગા પર વસીને કાઈમ કરે છે. આ જ સુન્નત પર રસૂલુલ્લાહ બાવાજી ચાલા. આપ નબી સાહેબ અને આપના વસી મૌ.અલી અમીરૂલ મુમેનીન સાથેને સાથે રહ્યા, આપના ઈન્તેકાલ તક. ફક્ત ખુદાતઆલાની ઝાતે સુબ્હાની જ એવી મુકદસ ઝાત છે કે, જે તન્હા છે, વાહિદ છે, એક છે, અહદ છે, લાશરીક છે, લામિસાલ છે અને બીજી ઝાતોને પૈદા કરનાર છે. ખુદાતઆલાની મશયત હતી કે, નબી અને વસી સાથે જ હોય, તો જ તેની શરીઅત કામિલ થઈ શકે. **જહાઁ તક આસમાનો ઝમીન સાથે ના હોય વહાઁ તક કાએનાતનો વુજૂદ નામુમ્કિન છે.** જહાઁ તક મરદ-બૈરોનો સથવારો અને સોહબત ના હોય, વહાઁ તક નસ્લે ઈન્સાનીનું હોવું નાતમામ છે.

રજબુલ મુરજ્જબ અને શાઅબાનુલ કરીમ મહીનાનો પણ આ જ હિસાબ છે. બેવેની ઈબાદતો એક સાથે જોડાયેલી છે. એક નાફેલતનો મહીનો છે અને બીજો સુન્નતનો મહીનો છે. એકના માલિકો મમ્સૂલ સાહેબે ઝુલફિકાર મૌ.અલી અમીરૂલ મુમેનીન છે અને બીજાના માલિકો મમ્સૂલ ખત્મુલ મુરસલીન, રહેમતુલ લિલ આલમીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) છે. **આ બેવે શહરૂલ્લાહિલ મુઅઝ્ઝમની ઇબાદત તરફ જાવાના રસ્તાઓ છે.** દરબારે ખુદાવંદીમાં દાખિલ થાવાના દરવાઝાઓ છે. એકના સિવાય બીજા અધુરા છે. યાઅની આ બેવે મુબારક મહીના એકબીજાની ઈબાદતોના પૂરક છે.

જો હમેં આ બેવે સાથીદાર મહીનાના બાબરકત દિનો પર નઝર કરીએ તો હમેં અંદાઝો લગાવી શકીએ કે,

✣ રજબમાં રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની મેઅરાજ છે, તો શાઅબાનમાં ખુદાએ આપને નવા કિબ્લા કાઅબતુલ્લાહ થી નવાઝા.

✣ રજબમાં મૌલા અલી મુશ્કિલકુશા (અ.સ.) ની કાઅબામાં વિલાદત બા-સઆદત થઈ, તો શાઅબાનમાં આપની શાદી ખાના-આબાદી દુખ્તરે રસૂલ મૌલાતોના ફાતેમતુઝ્ઝહરા (અ.સ.) સાથે થઈ.

(બકીયહ પેજ નં. ૬ પર)

**ઈમામુઝ્ઝમાન (અ.સ.) પર યકીન અને અકીદો, મુમિનના ઝહેની તનાવ, ડીપ્રેશન અને સ્ટ્રેસને દૂર કરે છે.**

## દરસે કુરઆને કરીમ : સૂરતુલ બકરહ

### આયત : ૫૫, ૫૬ અને ૫૭

**આયત ૫૫ :** તમેં એમ બોલા કે, અય મૂસા ! જહૉં તક હમેં અલ્લાહને સામે ના જોઇ લઇએ, વહૉં તક હમેં તમારા પર હરગિઝ ઇમાન નહીં લાવીએ. પછી તમેં જોઇ રહ્યા હશો કે, કાટકાઓની આસ્માની ભારી આફતે તેમને પકડી લીધા, ઘેરી લીધા.

**તશ્રીહ :** અલ્લાહતઆલા લતીફ છે, ખબીર છે. તેની ઝાત એવી નથી કે, કોઇ શખ્સ એની નિગાહ, નઝર યા આઁખથી અલ્લાહને પરામી શકે, જોઇ શકે. આ ચીઝ એની હદથી બાહર છે, ફૌક છે, નામુમ્કિન છે. બની ઇસ્રાઇલની કૌમ તેની ઝિદ, હટધરમી અને નાદાની પર હતી. મૌ.મૂસા કલીમુલ્લાહની કૌમ આપની દાઅવતે તૌહીદનો જવાબ દેવામાં આનાકાની, તાખીર અને કુસૂર કરતી હતી. એવી નાજાઇઝ માંગણીઓ કરતી હતી કે, જે જેહાલતની બુનિયાદ પર હોય. જેને પૂરી કરવા વાસ્તે અલ્લાહના નબી આજિઝ અને લાચાર હોય. એવી સૂરતે હાલમાં નબીયુલ્લાહ એની કૌમને આગાહ કરી દેતા હતા કે, અય મારી કૌમ ! તમેં મારી નાફરમાની કરો છો, મારી દાઅવતને પીઠ પાછલ નાંખી દો છો. યાદ રાખો ! અન-કરીબ અઝાબે ખુદાવંદી આવશે અને તમને તમારી ખતા વાસ્તે તે અઝાબને ઉચકવો પડશે.

આ જ મુજબની આગાહી-ઇન્ઝાર મૌ.મૂસા નબીએ આપની કૌમ બની ઇસ્રાઇલને કીધો. **થોડા જ અરસામાં આસ્માની આફતથી તે કૌમ મુઅઝ્ઝબ થઇ, મુબ્તેલા થઇ.** આસ્માનથી કાટકા-ગાજવીજ અને વાદલોનો અઝાબ નાઝિલ થયો. તેઓને ખબર પડી ગઇ કે, આ અઝાબ હમારી જ નાદાન હરકતો અને ગૈરઝિમ્મેદારાના કરતૂતોનો નતીજો છે.

**આયત ૫૬ :** શાયદ કે, તમેં હમારૂં અહેસાન માનો કે, તમારી મૌત પછી હમેં તમને બઅેસ કીધા, દોબારહ ઝિંદા કીધા.

**તશ્રીહ :** અલ્લાહ અને તેના રસૂલનો ઇન્કાર કરીને ઇન્સાન ખુદની જાન પર ઝુલ્મ કરે છે. એ ખુદને નુકસાન પહોંચાવે છે. પોતાની નઝર સામે સચ્ચાઇ હોવાના બાવુજૂદ તેના પર પડદા નાંખી દે છે. બેખબર બની જાય છે. આમ કરવું એના વાસ્તે મૌતથી કમ નથી. બીજા લોગોના દરમિયાન એ જિસ્માની તૌરથી ઝિંદા છે, મગર નફસાની તૌરથી મરી જાય છે. હવે જે વક્ત એને એના ગુનાહની ખબર પડે છે અને નાદિમ થાય છે, શરમિંદા થાય છે, તો અલ્લાહતઆલા એને મૌકો આપે છે કે, એ ખરા દિલથી તૌબા કરે, ગુનાહને કુબૂલ કરે અને એક મખ્લૂક હોવાનો હક્ક અદા કરે. આ તરહ જે વક્ત એ શખ્સ તૌબા કરે છે તો અલ્લાહ એને પોતાના દામને રહેમતમાં સમાવી લે છે, દાખિલે સવાબ કરે છે. **આ છે એનું મૌત બાદ ઝિંદા થાવું.** યાઅની કે, એના દિલમાં દોબારહ ઇમાનનું દાખિલ થાવું. નબીનું ફરમૉંબરદાર બનવું. મુમેનીનના ઝુમ્રામાં શામિલ થાવું. દાઅવતે હક્કને લબ્બૈક કહેવું.

**આયત ૫૭ :** અને હમેં તમારા ઉપર વાદલોનો સાયો કીધો અને હમેં તમારા ઉપર મન્ન અને સલ્વાને ઉતારા. પછી હમેં કહ્યું કે, હવે જમો તમેં, બહેતર ચીઝોને, હમારી રોઝી-રિઝકમાંથી. એ લોગોએ હમારૂં કઇ જ નુકસાન નથી કીધું. મગર ખુદ પોતાનું જ નુકસાન કીધું છે.

**તશ્રીહ :** અલ્લાહતઆલા રહીમ છે, તે કરીમ છે, તે કઇ તરહ પોતાના બંદા પર ઝુલ્મ કરી શકે ! બંદો પોતાની કમઅક્લી અને જેહાલત ના સબબ એવા રસ્તા પર જઇ ચઢે છે કે, એ પોતાને જ મોટું નુકસાન પહોંચાડી દે છે. ગુનાહગાર હોવાને બાવુજૂદ અલ્લાહનો બંદા પર એવો કરમ હોય છે કે, અલ્લાહ એના ઉપર વાદલોનો સાયો કરે છે અને મન્ન-સલ્વા જેવી નેઅમતોથી ખાસ કરે છે. આ નેઅમતો એવી છે કે, જે ખૂટતી નથી અને હર લેહાઝથી બરકતવાલી હોય છે.

(બકીયહ પેજ નં. ૬ પર)

**જે શખ્સ ખુદની ઝાતથી ખુશ હશે અને ખુદ પર એતેબાર હશે તે ખુશહાલ હશે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૩૧
## અલવી અકીદાઓ - અકીદો - ૪૭

**અકીદો -૪૭ : વાત માનીને સાહેબે હક્કની ઇત્તેબાઅ કરવી હર મુમિન પર વાજિબ છે.**

હમારો અકીદો એમ છે કે, તસ્લીમો રઝામંદી બે કિસ્મની છે. (૧) દુરૂસ્ત અને (૨) ગલત-નાદુરૂસ્ત. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપની આલ-ઔલાદના અઈમ્મતે હક્કની વાત માનવી, તેઓના હુકમો ફરમાનને તસ્લીમ કરવું, દુરૂસ્ત અને વાજિબ છે. આનો સબબ એ છે કે, આ તમામ અહલુલ બૈત, અલ્લાહના કિતાબ કુરઆને કરીમના વારિસ છે, તેની તાવીલના આલિમ છે, અહલે ઝિક્ર છે અને નબી સાહેબ બાદ ઊલુલ અમ્ર છે. જેમ કે, અલ્લાહતઆલાએ ફરમાવું, **"વમા આતાકુમુર્રસૂલો ફખોઝૂહો, વમા નહાકુમ અન્હો ફન્તહૂ."** યાઅની, રસૂલ જે આપે તે લઈ લો, જેથી રોકે તો રૂકી જાવ. દીનના મસઅલા અને શરીઅતની માઅલૂમાત સમઝવાને વાસ્તે, અલ્લાહતઆલા ફરમાવે છે કે, તમને આ સમઝમાં ના આવે તો રસૂલ યા ઊલુલ અમ્રને પાસ જાવ, જેઓ તમને સમઝાવશે. કેમકે, આ સાહેબો ઈસ્તિમ્બાત કરે છે યાઅની કે, કોઈ પણ મસઅલાના ખુલાસાને શરીઅતની પોશીદા ખાનને ખોદીને સહી મફહૂમથી હાસિલ કરે છે. કુરઆને કરીમના માઅનાને મુતઅલ્લિક અલ્લાહતઆલા ફરમાવે છે કે, અલ્લાહ અને તે સાહેબો જે ઈલ્મમાં પુખ્તગી-પહોંચ-સાચો અકીદો રાખે છે, તેના સિવાય કોઈ પણ શખ્સ કુરઆનની તાવીલ જાણતો નથી. આ રાસેખૂના ફિલ ઈલ્મ કયા સાહેબો છે, એની સમઝ અને જાણકારી રસૂલે ખુદાએ આપની હદીસમાં એમ ફરમાવી છે કે, **"ઇન્ની તારેકુન ફીકુમુસ્સકલૈન કિતાબલ્લાહ વ ઇતરતી અહલા બૈતી મા ઇન તમસ્સકતુમ બેહેમા લન તઝિલ્લ બાઅદી અબદા,"** મૈં તમારા દરમિયાન બે ભારી-સકીલ ચીઝોં ને છોડી જાઉં છું, અલ્લાહની કિતાબ અને મારી ઈતરત જે મારા અહલુલ બૈત છે, જહાઁ તક, તમેં આ બેવે ને સાથે મિલાવીને અને વાબિસ્તા રાખશો, તો કોઈ વક્ત ગુમ્રાહ નહીં થાવ, ભટકાઈ નહીં જાવ.

યાઅની કે, જે લોગોએ અહલુલ બૈતને તસ્લીમ કીધા અને એમના દામનને વિલગી રહ્યા, તેઓ જ સિરાતે મુસ્તકીમ પર ચાલા. તેઓ જ અલ્લાહની કિતાબની તાવીલ સમઝા, શરીઅતના અંદરૂની મફહૂમને જાના. બીજી એક જગા પર નબી સાહેબે આ જ કૌલના ઝિમ્નમાં આ તરહ બયાને જલી ફરમાવું કે, **"મૈં તમારા દરમિયાન એવા શખ્સને ખલીફા બનાવી જાઉં છું કે, કુરઆનની તાવીલની હિફાઝતની ખાતિર જેહાદ કરશે. જે તરહ મૈં તેના તન્ઝીલને વાસ્તે જેહાદ કીધી."**

આપથી પૂછવામાં આવું કે, તે કોણ છે ? તો આપે ફરમાવું કે, એ શખ્સ ખાસેકુન્નઅલ છે, યાઅની ફાટેલા જોડાને સિવવાવાલા, સાંધવાવાલા સાહેબ છે. તે વક્ત મૌ.અલીયુલ મુરતઝા, નબી સાહેબને પાસે બેસીને આપના જોડા સીવી રહ્યા હતા. આ જ મુજબ આપે ઈશારો કરીને કુરઆને કરીમની આયતે શરીફહનો નીચે મઝકૂર જુમ્લો અદા કીધો. "ફલા વરબ્બેકા......... વ યોસલ્લેમૂ તસ્લીમા." યાઅની લોગોનું ઈમાન તે વક્ત તક પુખ્તા-મઝબૂત નહીં થાય યહાઁ તક કે, તેઓ પોતાના આપસી ઝઘડાઓને આપના પાસે નહીં લાવે અને આપના ફેસલા પર રાઝી નહીં થાય અને પોતાના દિલોમાં કઈ પણ કુદૂરત-કીનો રાખા બગૈર આપની વાત બિલા શક તસ્લીમ નહીં કરી લે. **આ તસ્લીમો રઝા ઐન ઇમાન છે અને દીને કામિલ છે.** કોઈ આના બરખિલાફ જાય તો એ શક-શુબેહ માં પડી જાય અને આ તો ખુલ્લો કુફ્ર કહેવાય.

ગૈર લોગોને સાથે ગુફતગૂ કરવી, હુજ્જત કરવી અને તે વાત ઊસૂલે દીનથી સાબિત હોય તેમાં ગલત દલીલ સાંભલવી, આ તમામ ચીઝોને મુખાલિફોથી લેવામાં સખ્તીથી મનાઈ આવેલી છે. જેના ઉપર ખતાથી કોઈ સવાર થાય (બકીયહ પેજ નં. ૪ પર)

**ફજરમાં કુરઆને કરીમની બ-આવાઝે બલંદ અને બાસુકૂન તિલાવત ઝહેનને તરો તાઝા રાખે છે.**

(પેજ નં. ૩ નું બાકી)

અને વારંવાર-મુસલસલ તાકીદને બાવુજૂદ, હુશિયાર રહેવાની તન્બીહને બાવુજૂદ, અને સાચા અખ્બાર મિલા હોય તે જાણવાના બાવુજૂદ, જો કોઈ વાત માની લે, તો એ તાગૂત છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, આ અકીદાના કમ્ઝોર લોગો એવા છે કે, જે હક્કના બગૈર એવા લોગોને પોતાના રહેબર બનાવી લે છે કે, જેઓનું દીન, અલ્લાહના દીનને સિવાય હોય છે. હકીકતમાં એ લોગો ઈબાદત તો ખુદાની જ કરે છે, પણ જેઓને તેઓ રઈસ બનાવે છે, તેઓ અલ્લાહના કિતાબની અને સુન્નતની ખિલાફ વરઝી કરનારા હોય છે અને જાહિલ લોગો તેઓનું માની પણ લે છે. તેથી આ મુજબ ગૈર-અમલ કરવું પણ તેઓ પોતાની ઈબાદત માની લે છે, **પણ સહી ઇબાદત તો તાઅત અને મોહબ્બત સિવાય હોતી જ નથી.**

આપ નબી સાહેબે ફરમાવું કે, જે કોઈ શખ્સે મારા દાઈને કુબૂલ કીધા, તો જાણે એ દાઈની બાતિની ઈબાદત કીધી. અગર આ દાઈ અલ્લાહ તરફથી હોય, તો એ પણ અલ્લાહની ઈબાદતમાં જ શુમાર થાય છે. જો અલ્લાહને સિવાય હોય તો એ શયતાનનો ઈબાદતગુઝાર છે. તેથી કુરઆનમાં ફરમાને ઈલાહી છે કે, "યા કૌમના અજીબૂ દાઈયલ્લાહ વ આમેનૂ બેહી, યગફિર લકુમ મિન ઝોનૂબેકુમ વ યોજિરકુમ મિન અઝાબિન અલીમ - યાઅની, "અય હમારી કૌમ ! અલ્લાહના દાઈને જવાબ દો અને એ સાહેબનું ઈમાન લાવો, તો અલ્લાહ તમારા ચંદ ગુનાહોંને બખ્શી દેશે અને તમને અલમનાક અઝાબથી બચાવી લેશે." નબી સાહેબે ફરમાવું કે, અલ્લાહતઆલા દીનને ખેંચી નથી લેતા મરદોના સીના માંથી, પણ તેને ખેંચી લે છે આલિમોના મૌતથી. જે લોગોએ જાહિલ રઈસોને આલિમ સમઝા અને દીનના બારામાં મનફાવતા ફતવાઓ અને અહકામે શરીઅત જારી કીધા, કોઈ ઈલ્મ બગૈર, **તો તેઓ પણ ગુમ્રાહ થયા અને બીજાઓને પણ ગુમ્રાહ કીધા.**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ બાદ મુસૈલમા કાઝિબ દજ્જાલે નુબૂવતનો દાઅવો કીધો અને વહ્યના નુઝૂલની ગલત વાત કીધી. નબી સાહેબના કૌલને ખિલાફ જૂઠી હદીસો બનાવી. કુરઆનની આયતોની મનઘડીત તાવીલ કીધી. આ લોગોએ અલ્લાહ અને તેના રસૂલ પર બોહતાન લગાવો. પૂરા જાહિલ હતા પણ આલિમ હોવાની મક્કારી કીધી. દીને હક્કના હલાલ-હરામથી નાવાકિફ હતા અને પોતાની મરઝી-પસંદગીથી અહકામે શરીઅતમાં ઊલટ-સુલટ કીધું. આ લોગોને મુતઅલ્લિક અલ્લાહતઆલાએ ફરમાવું, "હમેં એ તેઓને ઈમામ તો બનાવા કે જે જહન્નમની તરફ દાઅવત કરે છે", અને ઔલિયાને મુતઅલ્લિક ફરમાવું કે, "હમેં એ તેઓને ઈમામ બનાવા છે કે, જેઓ હમારા હુકમને મુતાબિક હિદાયત દે છે." લોગોને જન્નત તરફ દાઅવત દે છે. તેથી મુમેનીનને લાઈક છે કે, આ અમરમાં કેટલો મોટો તફાવત છે તેને જોઈ કે, અલ્લાહતઆલાએ એક ને ઈમામ બનાવા , જે રાહે હિદાયત તરફ દાઅવત દે છે અને બીજાને પણ ઈમામ બનાવા, જે લોગોને ગુમ્રાહ કરે છે. **આ બેવે તરહના શખ્સને અલ્લાહ કુરઆનમાં ઇમામ જ કહે છે.**

તેથી હમને ફરમાન કરવામાં આવું છે કે, ઈમામે હક્કની વાતને સરે તસ્લીમ કરીએ અને ઈમામે બાતિલ-ઈમામે ઝાલ્લની વાતને હમેં રદ કરીએ. ✯

---

**અલી બગૈર કોઈ બુતુરાબ હો ન સકા,**
**યે વો સવાલ હે જિસકા જવાબ હો ન સકા,**
**બહુત સે હાફિઝો કારી બને મગર કોઈ,**
**અલી સા આમિલે ઉમ્મુલ કિતાબ હો ન સકા.**

---

**ફરઝોને તેના વક્ત પર અદા કરવા, એક મોટી ઝિમ્મેદારી અને ફિકરથી દસ્તબરદારી કરાવે છે.**

## મરસીયહ
## સૈ.યૂસુફ નૂરૂદ્દીન સાહેબ (આ.કુ.)
### ઉર્સ મુબારક : ૧૭ રજબ

અય મુમિનો સુનાઉં ક્યા મૈં તુમકો હાદેસા,
ટુકડે જિગર કે હોતેં હૈં ફટતા હે દિલ મેરા,
તડપી ઝમીન, શમ્સો કમર કો ગહન લગા,
ચરખે કોહન સે ખૂઁ કા હે બાદલ બરસ રહા.

માતમ બપા હે આજ યે કૌનો મકાન મેં,
મહેશર સા એક સમા હે ઝમીનો ઝમાન મેં.

પાની કે બદલે દૂધ હમેં જિસને હે દિયા,
આઠોં પહર હે પ્યાર હમેં જિસને હે કિયા,
બીમારી સે હમારી હમેં જિસને દી શિફા,
ઔર શબ કો ઉઠકે નીંદ સે હે જિસને કી દોઆ,

સબ પૂછતેં હૈં હમકો વો મૌલા કિધર ગયે,
કિસ મૂઁહ સે હમ કહેં કે વો મૌલા ગુઝર ગયે.

બેવા-યતીમ કે વો પિદર થે જહાન મેં,
મૌલા બસે થે સબ કે દિલોં કે મકાન મેં,
તસ્બીહ થી શેહ કે નામ કી હર એક ઝબાન મેં,
રહેતે થે સાથ ગમ હો ખૂશી કે ઝમાન મેં,

સારે જહાન કા વો સહારા ચલા ગયા,
વો તારા કૈસા નિકલા યે તારા ચલા ગયા.

બડૌદે સે મુંબઇ કા જબ અઝમ થા કિયા,
તબ અહલે બૈત ને યે શહે દીન સે કહા,
હે ઝોઅફ તન મેં આપ ન જાઇએ એય શહા,
તબ આપને વો આયએ કુરસી કો થા પઢા,

સોલવીં રજબ કી જબ આઇ અલમ કી વો શબ,
દિલ, ગમ સે ભર ગયે ફિર કૈસા હુવા ગઝબ.

ફારિગ હુએ નમાઝ સે તૈયેબ ઝિયાઉદ્દીન,
હયહાત તબ્અ આપકી હોને લગી હઝીન,
ફરમાન સે કસીદે લગે પઢતે અહલે દીન,
આયા ફરિશ્તા મૌત કા તબ આપકે કરીન,

નિઝદે ખુદા, રસૂલે ખુદા કી જો શાન થી,
મૌલાના નૂરૂદ્દીન કી વો આનબાન થી.

તૈયેબ ઝિયાઉદ્દીનને દેખા કે શાહે દીન,
તશરીફ લે ગયે હે વો નિઝદે ઇમામે દીન,
તબ આપને દુપટ્ટે સે વા જિસ્મે નાઝનીન,
ઢાંપા ઔર અહલે બૈત સે ફરમાયા બિલ-હઝીન,

ક્યા દેખતે હો નૂરૂદ્દીં મૌલા ગુઝર ગયે,
દારે જહાઁ સે હાય સફર શાહ કર ગયે.

મૈયેત પિદર પે આયે જબ શાહે ઝિયાઉદ્દીન,
બદરી મોહલ્લા ડૂબા થા ગમ મેં ઓર મુમેનીન,
રોતે થે ઔર કરતે થે માતમ સબ અહલે દીન,
નિકલા જનાઝા શાહ કે હિલને લગી ઝમીન,

તબ મુમેનીં હઝારો જનાઝે કે સાથ થે,
આઁખો સે અશ્ક જારી થે સીને પે હાથ થે.

મસ્જિદ મેં નુરૂદ્દીં કા જનાઝા જો આ ગયા,
તૈયેબ ઝિયાઉદ્દીં ને લહેદ મેં લિટા દિયા,
ચાદર ચઢાઇ ફૂલોં કી ઔર ફાતેહા પઢા,
મિસ્લે ગમે આશૂર સા માહૌલ છા ગયા,

મિટ્ટી કો લે ગયે પએ બરકત સબ અહલે દીં,
શાહઝાદોં ને બનાઇ કબર ઉસ જગા કરીં.

મૌલા અય નૂરૂદ્દીન હમારા સલામ લો,
અય દાઇએ મુબીન હમારા સલામ લો,
શાફેઅ હો મુમેનીં કે હમારા સલામ લો,
સરદારે બાસફા હો હમારા સલામ લો,

ભુલેંગે ન હમ આપકો ન ભૂલેં આપ ભી,
તશરીફ મૌલા ખ્વાબ મેં લાના કભી કભી.

હે ઉર્સ આજ નાઇબે તૈયેબ ઇમામ કા,
હે ઉર્સ આજ દાઇએ રબ્બે અનામ કા,
હે ઉર્સ આજ યૂસુફે દારૂસ્સલામ કા,
હે ઉર્સ આજ નૂરૂદ્દીં આલી મકામ કા,

બરપા હર એક મકાન મેં મજલિસ અઝા કી હે,
ઔર ગિરયઓ ઝારી શહે નૂરૂલ હોદા કી હે. ✩

**હર વક્ત બહેતર ઉમ્મીદ રાખવી દિમાગી બોઝને મિટાવે છે.**

(પેજ નં. ૧ નું બાકી)

✣ રજબમાં ૪૩ માં દાઈએ મુત્લક સૈ.યૂસુફ નુરૂદ્દીન સાહેબ (ક.રૂ.) નો ઈન્તેકાલ થયો, તો શાઅબાનમાં આપના બાવાજી ૪૨ માં દાઈએ મુત્લક સૈ.ફિદાઅલી બદરૂદ્દીન સાહેબ (ક.રૂ.) નો ઈન્તેકાલ થયો.

✣ રજબમાં ૪૪ માં દાઈએ મુત્લક સૈ.તૈયબ ઝિયાઉદ્દીન સાહેબ (ક.રૂ.) મસ્નદે તૈયેબી પર જલ્વાઅફરોઝ થયા અને શાઅબાનમાં આપ મૌલા આ દારે ફાની છોડીને દારે બકા તરફ ઈન્તેકાલ કરી ગયા.

✣ રજબમાં ૩૩ માં દાઈએ મુત્લક સૈ.હેબતુલ્લાહ મુઅય્યદુદ્દીન સાહેબ (ક.રૂ.) ઈન્તેકાલ ફરમાવી ગયા તો શાઅબાનમાં આપના ફરઝંદ ૩૬ માં દાઈએ મુત્લક સૈ.શમ્સુદ્દીન હમીદુદ્દીન સાહેબ (ક.રૂ.) રૌઝએ રિઝવાન પધારી ગયા.

✣ રજબમાં હમને ૫ નમાઝો અને ૧ મહીનાના રોઝાનો તોહફો મિલો તો શાઅબાનમાં હમને તૌબા અને નવા આઅમાલ-નામાનો હદીયો મિલો.

✣ રજબમાં ૩૭ માં દાઈએ મુત્લક સૈ.શૈખઅલી શમ્સુદ્દીન સાહેબ (ક.રૂ.) ૫૯ સાલ દાઅવત કરીને સૂએ અદન પધારી ગયા તો શાઅબાનમાં ૪૪ માં દાઈએ મુત્લક સૈ.તૈયબ ઝિયાઉદ્દીન સાહેબ (ક.રૂ.) ૪૨ સાલ દાઅવત કરીને સૂએ ફિરદૌસ પધારી ગયા.

✣ રજબમાં ૨૯ માં દાઈએ મુત્લક શહીદે આઅઝમ સૈ.અલી શમ્સુદ્દીન સાહેબ (ક.રૂ.) મસ્નદે તૈયેબી પર સાયાફિગન થયા તો શાઅબાનમાં હુઝૂરેઆલી આકામૌલા સૈ. ડૉ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) એ જ મસ્નદ પર તશરીફ-ફરમાઁ થયા.

✣ રજબમાં રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) પર પહેલી વહ્ય નાઝિલ થઈ તો શાઅબાનમાં આપે પહેલી વાર કાઅબાને રૂખ કરીને નમાઝ અદા ફરમાવી. ✯

---

(પેજ નં. ૨ નું બાકી)

તો અય અક્લવાલાઓ ! તમેં અલ્લાહના નબી કે જે તમારા વાસ્તે આઅલા વસીલો છે અને જેના સબબ તમને મન્ન-સલવા મિલશે, એમને ના મુકજો. આ વસીલા અલ્લાહની ઈબાદતનો રસ્તો છે અને આ જ રસ્તાથી તમેં ઈબાદત કરજો. તમેં યાદ રાખજો કે, તે અલ્લાહ આઁખોથી યા અહેસાસાતથી હાસિલ થાતો નથી. **તેનો કોઇ હમ-પલ્લા યા હમ-મિસિલ નથી.** જે કઈ પણ તમેં અલ્લાહ વાસ્તે તસવ્વુર બાંધો છો તે ફક્ત તમારો વહેમ છે. અલ્લાહતઆલા એવો ખાલિક છે કે, જે પોતાના રસૂલોના ઝરીએ ખુદના ઉપર દલાલત પૈશ કરે છે. આ રસૂલોને ભલાઈ અને અક્લના દરવાઝાઓ બનાવેલા છે. તેઓની ફરમાઁરવાઈથી અલ્લાહની ખુશી મિલે છે અને નાફરમાનીથી તેનો ગઝબ ઉતરે છે. જેનાથી અલ્લાહ ખુશ થયો એને ફૌઝો ફલાહ હાસિલ થાશે અને જે શખ્સ મુખાલેફતના સબબ તેના ગુસ્સાનો શિકાર થયો, એ હારનાર-હલાક થાનાર થયો. ✯

---


અલ્લાહતઅલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, અય મારા મુમિન બંદાઓ, એક ઝમીનમાં તમેં મારી ઇબાદત ન કરી શકતા હોય તો બીજી ઝમીનમાં ચાલા જાવ, હિજરત કરી જાવ, મારી ઝમીન ઘણી કુશાદહ છે, વસીઅ છે. જે જગા પર પણ જાવું હોય ત્યાં જાવ પણ જ્યાં જાવ ત્યાં મારી જ ઇબાદત કરજો. જેમ ઇસ્લામના શુરૂમાં મુસ્લેમીન, દીનને બચાવવા વાસ્તે મદીના અને હબ્શા હિજરત કરી ગયા.

---

**દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) સાથે રૂહાની રાબેતો અને દિલી ઈખ્લાસ સ્ટ્રેસને દૂર કરે છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**❋ ઉભી તરકીબ :**




૧) આ ચીઝ કોઈ વક્ત મારા મિઝાજ અને તબીઅતને ----- નહીં આવે. (૨)

૨) -----, મુસીબત, દુઃખ, આફત, ઈઝા, તકલીફ વગૈરહ, આ દુનિયાની ઝિંદગીના હમેશાના સાથીઓ છે. (૩)

૩) નાની-નાની નાઈત્તેફાકીઓ જો દૂર કરવામાં ન આવે, તો આગલ જાતા રિશ્તામાં ----- પડી શકે છે. (૩)

૭) આહો ગમ, આહો બુકા, આહો ------. (૨)

**❋ આડી તરકીબ :**


૨) અલ્લાહના નુમાઈંદા, નુમાઈંદાને હુજ્જત કહે છે. અલ્લાહના હાથ, હાથને યદ કહે છે. અલ્લાહના વાઘ, વાઘને ------ કહે છે. આ તમામ સિફત મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની છે. (૩)

૪) ઈમાનની શરતોમાં ફક્ત ઝબાનથી કહી દેવું કાફી નથી, મગર તેની ----- માં માઅરેફત હોવી ઝરૂરી છે. (૨)

૫) એક ----- ના દાણા બરાબર પણ તમેં કોઈ અમલ કરશો અને તેને પત્થરની કોઈ ચટ્ટાનના નીચે છુપાવી આવશો, તો અલ્લાહતઆલા તેને કાઢીને તમને તેની સઝા યા જઝા આપશે. (૨)

૬) તે મુબારક જગા જેને ઝિયારતગાહ કહેવાય અને જ્યાં એક મુમિન પોતાના રૂહાની સાહેબની મુલાકાત વાસ્તે જાય. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**




**સહી જવાબ આપનાર :**

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શાઅબાનુલ કરીમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✭

અય મુમેનીન, દારે આખેરત યાઅની છેલ્લું ઘર બેશક સરાપા હયાત છે, પુરેપુરૂં ઝિંદગીવાલું છે, " હયવાન " છે. હવે જે વક્ત ઘર ઝિંદા હોય તો પછી તે ઘરમાં રહેનારાઓ, ઘરવાલાઓની ઝિંદગીનું શું પૂછવું ? જો લોગો આ હકીકતને જાણી લે તો આ દારે ફાની દુનિયાને છોડી દે, રમત-ગમત, ખેલ-કૂદને મુકીને આખેરત તરફ વલી જાય.

**હક્કનું ઈલ્મ હાસિલ કરા કરવું, તે દિમાગના જમણ મુજબ છે.**

## કસીદહ મુનીરહ
## ૪૪ માં દાઈએ મુત્લક
## સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.)
## ઉર્સ મુબારક : ૯ શાઅબાન
## મુદ્દતે દાઅવત ૪૨ સાલ ૧૮ દિન

રકમ કરના હે કુછ અહેવાલ ઉસ મૌલા કી અઝમત કા,
સિતારા જિસને ચમકાયા હે ઈસ અલવી જમાઅત કા.
નહીં હે મુદ્દોઆ ઈઝહાર અપની કાબિલીયત કા,
મુઝે ઈઝહાર કરના હે ફક્ત અપની અકીદત કા.
સુના કરતા હૂં અકસર ઝિક્ર હઝરત કી ફઝીલત કા,
ઈબાદત ઔર સખાવત ઔર ઉનકી પાક સીરત કા.
ઝબાઁ પર નામ સૈયેદના ઝિયાઉદ્દીં કા આતે હી,
ભડક ઉઠતા હે જઝબા દિલ મેં મેરે ઉનકી ઉલ્ફત કા.
તસવ્વુર મેં મેરે આ જાતી હે વો શિક્લે નૂરાની,
મેરી આઁખોં મેં ખિંચ જાતા હે નકશા તેરી સૂરત કા.
કદમબોસી કા જઝબા મૌજઝન હોતા હે જબ દિલ મેં,
તો ગોશા ચૂમ લેતા હૂં મૈં આ કર તેરી તુરબત કા.
તું વો ગુલ હે કે ખુશ્બૂ તેરી હર સૂ અબ ભી ફૈલી હે,
મુઅત્તર આજ ભી હે જિસ સે યે અયવાન દાઅવત કા.
ઝમાને મેં તું હે મશ્હૂર ચુવ્વાલીસવાઁ દાઈ,
હકીકતમેં મગર સરતાજ હે હક્ક કી જમાઅત કા.
હે તેરા નામ ઝિંદા, કારનામે તેરે ઝિંદા હૈં,
જમાઅ તુંને કિયા બિખરા હુવા શીરાઝા મિલ્લત કા.
ગવાહી દે રહી હે આજ ભી તાઅમીર મસ્જિદ કી,
હસીંતર હો ગયા હે ઔર નકશા જિસ ઈમારત કા.
દિખાતી હી રહેંગી યાદ તેરી યાદગારેં યે,
બજેગા તાકેયામત યૂઁ હી ડંકા તેરી શોહરત કા.
ઈલાહુલ આલમીં તુઝ સે હમારી ઈલ્તેજા યે હે,
રહે ફૂલાફલા યા રબ હમેશા બાગ દાઅવત કા.
સરોં પર હો હમારે સાયએ દામને ઝકીયુદ્દીં,
કે ઈસ દામન પે હે સાયા ઈલાહી તેરી રહેમત કા.
રવાનીએ કલમને ઝોર તો મારા બહુત લેકિન,
હુવા ફિર ભી અદા ઉસસે ન કુછ હક્ક તેરી મિદહત કા.
હકીકત તો યે હે ઈસ બઝમ મેં મેરી હકીકત ક્યા,
હકીકત મેં યે હે ફૈઝે ઈબાદત ઔર ખિદમત કા.
રહેં ખુશ યે કે હમ સબ ઈનકી ખુશ્નૂદી કે તાલિબ હૈં,
કરમ ઈનકા હકીકત મેં હે બાઈસ ખૈરો બરકત કા. ✩

**જેમ ભુખ લાગવાના સબબ ગુસ્સો આવે છે,**
**તેમ ઈલ્મથી ખાલી દિમાગ હર વક્ત તનાવમાં રહે છે.**

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✩

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.